
શું આપની ટાંકી ઉભરાય છે?
શું આપની ટાંકી ખાલી થઈ જાય છે?



ઓટોમેટીક સ્વીચ લગાવો જે મોટર ને ઓટોમેટીક ચાલુ-બંધ કરે છે.

અમર ઈલેક્ટ્રોનીક કન્ટ્રોલ્સ
૫, દરીયા મહેલ એપાર્ટમેન્ટ, સુરત મહાનગરપાલિકા સામે, મુગલીસરા, સુરત.
ફોન : 2429322 મો : 9824059872



# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રીઃ મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા



JSW Colouron+ Premium Al-Zn Colour Coated Sheets · ISC Indian Steel Corporation Ltd. · durashine TATA BLUESCOPE STEEL · TATA SHAKTEE GC SHEET
ALEVATE PERFORMANCE AT ITS PEAK Aluminium Roofing Sheets
- Aluminium - Colour Coated, Corrugated Roofing Sheets
- Galvanised Plain Sheet - MS - CRC sheets
- Asian - Apollo - Tata Square Pipe & Round Pipe
- 60 & 80 Micron GI HOTDIP Pipe For Solar Roof Top
- Poly Carbonate, PVC Sheets & Roofing Accessories

STEEL TRADING COMPANY
MUGATLAL GROUP
Near Krishna Petrolpump, Udhna Main Road, Surat.
Mobile : 7575882332, 7575053830
E-mail: info@steeltrading.in Webside: www.steeltrading.in



માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ * * * સંવત ૨૦૮૨ ચૈત્ર વદ એકમ શુક્રવાર ૩ એપ્રિલ, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૧૩૬

પાનાં ૧૪ કિંમત ₹ ૫.૦૦


### સાત જ્યુડિશિયલ અધિકારી બંગાળમાં SIRની કામગીરીમાં રોકાયેલા હતા

# બંગાળમાં અદાલતી અધિકારીઓને કલાકો સુધી બંધક રખાયા

**ત્રણ** મહિલા સહિત સાત અધિકારીને આઠેક કલાક સુધી કાલિયાચકની BDO ઓફિસમાંથી બહાર નિકળવા ન દેવાયા

**છેવટે** પોલીસ બળપ્રયોગ કરીને આ અધિકારીઓને છોડાવ્યા, કેટલાક દેખાવકારોને ઇજાના અહેવાલ

**કોલકાતા, તા. 2 (PTI):** પશ્ચિમ બંગાળના માલદા જિલ્લામાં મતદાર યાદીમાંથી નામો રદ કરવાના મુદ્દે વિરોધ પ્રદર્શન કરી રહેલા લોકોએ સાત અદાલતી અધિકારીઓને કલાકો સુધી ઘેરી રાખ્યા હતા, જેમને બાદમાં સુરક્ષિત રીતે બચાવી લેવામાં આવ્યા હોવાનું અધિકારીઓએ ગુરુવારે જણાવ્યું હતું. આ અધિકારીઓ 'સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન'(SIR)ની કામગીરીમાં રોકાયેલા હતા.

સુરક્ષા દળોએ લાઠીચાર્જ કરીને ભીડને વિખેરી નાખી હતી અને બુધવારે મોડી રાત્રે ત્રણ મહિલાઓ સહિત સાત જ્યુડીશિયલ અધિકારીઓને સુરક્ષિત બહાર કાઢ્યા હતા. SIR પ્રક્રિયા દરમિયાન મોટા પાયે મતદારોના નામ કાઢી નાખવામાં આવ્યા હોવાનો આરોપ લગાવીને પ્રદર્શનકારીઓએ બુધવારે નેશનલ હાઈ-વે 12 (કોલકાતા-સિલીગુડી) પણ બ્લોક કર્યો હતો. ત્રણ મહિલાઓ સહિતના ન્યાયિક અધિકારીઓ કાલિયાચક ૨ બ્લોક ડેવલપમેન્ટ ઓફિસ (BDO)માં હતા, જ્યાં પ્રદર્શનકારીઓએ સાંજે ૪ વાગ્યાની આસપાસ ઘેરો ઘાલ્યો હતો. અધિકારીઓના જણાવ્યા અનુસાર, સુરક્ષા દળોના એક મોટા કાફલાએ મધ્યરાત્રિ પછી તેમને ત્યાંથી છોડાવ્યા હતા.

એક પોલીસ અધિકારીએ જણાવ્યું કે, ન્યાયિક અધિકારીઓને BDO ઓફિસમાંથી બહાર લાવવામાં આવ્યા હતા, જોકે પ્રદર્શનકારીઓએ રસ્તા પર વાંસના થાંભલા નાખીને તેમના વાહનો રોકવાનો અને ગાડીઓમાં તોડફોડ કરવાનો પ્રયાસ કર્યો હતો. બચાવ કામગીરી દરમિયાન ભીડને વિખેરવા માટે પોલીસે લાઠીચાર્જ કર્યો હતો. અધિકારીએ વધુમાં ઉમેર્યું હતું કે, આંદોલનકારીઓના એક જૂથે ન્યાયિક અધિકારીઓને લઈ જતી ગાડીઓને રોકવાનો પ્રયાસ કર્યો હતો અને તેમને નુકસાન પહોંચાડવાની

...અનુસંધાન પાના 13 પર



## ઘેરાવની ઘટનાને ઇરાદાપૂર્વકની ગણાવી CBI/NIA તપાસનો સર્વોચ્ચ અદાલતનો આદેશ

**નવી દિલ્હી :** પશ્ચિમ બંગાળને સૌથી વધુ ધ્રુવીકૃત રાજ્ય ગણાવતા, સુપ્રીમ કોર્ટે ગુરુવારે માલદા જિલ્લામાં મતદાર યાદી સુધારણા ઝુંબેશ દરમિયાન સાત ન્યાયિક અધિકારીઓના શોચનીય ઘેરાવ અને હુમલા અંગે વહીવટીતંત્રની સંપૂર્ણ નિષ્ફળતા અને નિષ્ક્રિયતા બદલ આકરી ઝાટકણી કાઢી હતી. આ સાથે જ કોર્ટે ચૂંટણી તરફ જઈ રહેલા આ રાજ્યમાં CBI અથવા NIA તપાસ અને કેન્દ્રીય દળોની તૈનાત કરવાનો આદેશ આપ્યો હતો. એક આકરા ઠપકામાં સર્વોચ્ચ અદાલતે જણાવ્યું હતું કે આ ઘટના રાજ્ય વહીવટીતંત્રની સંપૂર્ણ નિષ્ફળતાને પણ છતી કરે છે અને તે માત્ર ન્યાયિક અધિકારીઓને ડરાવવાનો નિર્લજ્જ પ્રયાસ જ નહોતો પરંતુ આ સુપ્રીમ કોર્ટની સત્તાને પડકારવા સમાન પણ હતો. અત્રે ઉલ્લેખનીય છે કે સુપ્રીમ કોર્ટના આદેશથી જ બંગાળમાં અદાલતી અધિકારીઓ એસઆઇઆરની પ્રક્રિયાની ચકાસણી કરી રહ્યા છે. મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતની આગેવાની હેઠળની બેન્ચે આ ઘટનાને ન્યાયના વહીવટમાં અવરોધ ઊભો કરવાનો બેશરમ અને ઇરાદાપૂર્વકનો પ્રયાસ ગણાવ્યો. કોર્ટે ચિંતા વ્યક્ત કરી કે અગાઉથી જાણ કરવા છતાં, રાજ્ય સત્તાવાળાઓ તાત્કાલિક કાર્યવાહી કરવામાં નિષ્ફળ ગયા, જેના કારણે ન્યાયિક અધિકારીઓ કલાકો સુધી પૂરતી સુરક્ષા વિના રહ્યા.

## હનુમાન જયંતિના ઉત્સવથી યુપી ભક્તિમય; વિશેષ અનુષ્ઠાન યોજાયા



ગુરુવારે હનુમાન જયંતિ નિમિત્તે મોટી સંખ્યામાં ભક્તો મંદિરોમાં ઊમટી પડતા ઉત્તર પ્રદેશની શેરીઓ જીવંત બની ઊઠી હતી. લખનઉ જેવા ધમધમતા શહેરથી લઈને આધ્યાત્મિક રીતે સમૃદ્ધ વારાણસી સુધી હનુમાન મંદિરોમાં શ્રદ્ધાળુઓની લાંબી કતારો જોવા મળી હતી અને લોકોએ ઉત્સાહભેર ઉત્સવમાં ભાગ લીધો હતો. લખનઉમાં અલીગંજ અને હનુમાન સેતુ ખાતેના મંદિરોમાં ભક્તોની લાંબી લાઇનો લાગી હતી. વારાણસીમાં પણ શહેરભરમાં વિશેષ પ્રાર્થનાઓ અને ધાર્મિક વિધિઓનું આયોજન કરવામાં આવ્યું છે. પ્રખ્યાત સંકટ મોચન હનુમાન મંદિરના મહંત વિશ્વંભર નાથ મિશ્રાએ મંદિરમાં ૧૦-દિવસીય મહોત્સવની જાહેરાત કરી હતી. ચૈત્ર શુક્લ પૂર્ણિમા નિમિત્તે ભગવાન હનુમાનને સમર્પિત વિશેષ શ્રૃંગાર, ઝાંખીઓ, આરતી અને અનુષ્ઠાન કરવામાં આવ્યા હતા. મહંતે વધુમાં ઉમેર્યું હતું કે, સવારના સત્રમાં શરણાઈ વાદન, બ્રાહ્મણો દ્વારા 'રુદ્રાભિષેક', રામચરિતમાનસના પાઠ, સીતા-રામ 'સંકીર્તન' અને સુંદરકાંડના પાઠનો સમાવેશ કરવામાં આવ્યો હતો.




### પશ્ચિમ બંગાળમાં ચૂંટણીનો પેચ

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી અને તૃણમૂલ કોંગ્રેસના સુપ્રિમો મમતા બેનર્જીએ સુપ્રીમ કોર્ટના ચુકાદા બાદ પોતાની જીત જાહેર કરી છે જ્યારે કોર્ટે આદેશ આપ્યો છે કે રાજ્યમાં ચાલી રહેલા મતદાર યાદીના 'સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન' (એસઆઈઆર)માં દાવાઓ અને વાંધાઓ પર નિર્ણય લેવાની સત્તા ભારતના ચૂંટણી પંચની નહીં, પરંતુ ન્યાયિક અધિકારીઓની રહેશે. પરંતુ હવે જ્યારે ચૂંટણીના સમયપત્રકની જાહેરાત થઈ ગઈ છે ત્યારે એ શક્યતા ઓછી જણાય છે કે પ્રથમ તબક્કાના મતદાનની તારીખ ૨૩ એપ્રિલ સુધીમાં ૬૦ લાખ કેસોની ચકાસણી પૂર્ણ થઈ જશે. એવું લાગે છે કે, બેનર્જી મુશ્કિલ પરિસ્થિતિમાં ફસાયા છે. જો તેઓ ચૂંટણી પહેલા તમામ વિવાદિત મતદાર ઓળખના કેસોના નિકાલનો આગ્રહ રાખે છે તો ચૂંટણી મોકૂફ રાખવી પડશે અને રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસન લાદવામાં આવશે. કારણ કે, તેમની કાર્યવાહક મુખ્યમંત્રી તરીકેની મુદત ૭ મેના રોજ પૂરી થાય છે–જે નવી વિધાનસભાની રચના માટે ચૂંટણી પંચની અંતિમ સમયમર્યાદા છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલયે કદાચ આ શક્યતાને પહેલેથી જ પારખીને તમિલનાડુના પૂર્વ રાજ્યપાલ અને પૂર્વ પોલીસ અધિકારી એવા મક્કમ મનોબળ ધરાવતા આર.એન. રવિની નવા રાજ્યપાલ તરીકે નિમણૂક કરી છે. બેનર્જી કદાચ એવી સ્થિતિ ઊભી નહીં કરે જેમાં રાષ્ટ્રપતિ શાસન લાગુ પડે. કારણ કે, તે

...અનુસંધાન પાના 13 પર

### હોર્મુઝની સામુદ્રધૂનિ બળપ્રયોગથી ખોલવાની વાતને મેક્રોને અવાસ્તવિક ગણાવી

# તમે નાટોને નબળું પાડી રહ્યા છો મેક્રોને ટ્રમ્પની આકરી ટીકા કરી

**રોજે** રોજ નિવેદનો બદલવા બદલ પણ પ્રહારો કરતા કહ્યું કે તમારે રોજ બોલવું ન જોઇએ

**મેક્રોનને** પત્ની મારતા હોવાની ટ્રમ્પની ટીપ્પણીને ફ્રેન્ચ પ્રમુખે સ્તર વગરની ગણાવી



**પેરિસ, તા. 2 :** ફ્રાન્સના પ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોને ડોનાલ્ડ ટ્રમ્પ પર આકરા પ્રહારો કરતા કહ્યું છે કે, તેઓ ગઠબંધન પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતા અંગે રોજિંદી શંકા પેદા કરીને નાટોને નબળું પાડી રહ્યા છે. ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોને અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ પર મધ્ય પૂર્વ સંઘર્ષ અંગેના પોતાના વિચારો અંગે વારંવાર વિરોધાભાસ વ્યક્ત કરીને મૂંઝવણ ઊભી કરવાનો આરોપ લગાવ્યો છે.

ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોને અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને તેમની પત્ની પર કરેલી વ્યક્તિગત ટિપ્પણી પર વળતો પ્રહાર કરતા કહ્યું, કે ટ્રમ્પ ખૂબ વધારે બોલે છે. તેમની ટિપ્પણીઓ ન તો ભવ્ય છે અને ન તો તેમના સ્તર અનુસારની છે. એક ખાનગી લંચમાં ટ્રમ્પે મેક્રોનની મજાક ઉડાવીને દાવો કર્યો કે તે જમણા જડબાની ઈજામાંથી સ્વસ્થ થઈ રહ્યા છે અને આરોપ લગાવ્યો કે તેમની પત્ની, બ્રિજિટ મેક્રોન તેમની સાથે ખૂબ જ ખરાબ વર્તન કરે છે, તેના પછી મેક્રોનની આ પ્રતિક્રિયા .

ગઈકાલે વિવિધ પ્રસાર માધ્યમોને આપેલા ઈન્ટરવ્યુમાં અમેરિકી પ્રમુખ નાટો વિશે અપમાનજનક ટિપ્પણીઓ કરી હતી, તેને કાગળનો વાઘ ગણાવ્યો હતો અને તેમાંથી અમેરિકાને બહાર ખેંચી લેવાની ધમકી આપી હતી. જેનાથી યુરોપિયન નેતાઓ રોષે ભરાયા છે. મેક્રોને ચેતવણી આપી હતી કે ગઠબંધન પ્રત્યે અમેરિકાની પ્રતિબદ્ધતા પર સવાલ ઉઠાવતી ટ્રમ્પની ટિપ્પણીઓ તેના મૂળ તત્ત્વને નષ્ટ કરે છે. તેમણે નેતાઓને ગંભીર બનવા વિનંતી કરી હતી.

દક્ષિણ કોરિયાના સિઓલની સત્તાવાર મુલાકાત દરમિયાન તેમણે કહ્યું હતું કે, મારું માનવું છે કે નાટો જેવી સંસ્થાઓ અને જોડાણો જે બાબતો કહેવામાં નથી આવી તેના દ્વારા વ્યાખ્યાયિત થાય છે - એટલે કે,

...અનુસંધાન પાના 13 પર

### ઇરાન યુદ્ધ શરૂ થયા બાદ અમેરિકી પ્રમુખનું પ્રથમ રાષ્ટ્રજોગ સંબોધન

# અમેરિકી દળો ઈરાનમાં ટૂંક સમયમાં અમારું કાર્ય પુરું કરશે : ડોનાલ્ડ ટ્રમ્પ

**ઇરાન** યુદ્ધમાં અમેરિકાને મોટી સફળતા મળી હોવાની ડંફાસ મારી, મોટે ભાગે જૂની વાતો જ દોહરાવી

**આ સંબોધન** છતાં ટ્રમ્પ પ્રત્યેને અમેરિકનોની નારાજગીમાં ઘટાડો થાય તેવા સંકેતો નથી



**વોશિંગ્ટન, તા. 2 (AP):** પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું હતું કે અમેરિકી દળો ટૂંક સમયમાં ઈરાનમાં કામ પૂરું કરશે કારણ કે મુખ્ય વ્યૂહાત્મક ઉદ્દેશ્યો પૂર્ણ થવાની તૈયારીમાં છે. સંઘર્ષ શરૂ થયાના એક મહિનાથી વધુ સમય બાદ બુધવારે રાત્રે પોતાના પ્રથમ રાષ્ટ્રીય સંબોધનમાં તેમણે યુદ્ધનો જોરદાર બચાવ કર્યો હતો. તેમણે વિશાળ શ્રોતાગણ સમક્ષ અમેરિકી ઓપરેશન્સની સફળતાના વખાણ કરવા અને એવી દલીલ કરવા માટે આ મંચનો ઉપયોગ કર્યો હતો કે વોશિંગ્ટનના તમામ ઉદ્દેશ્યો અત્યાર સુધી પૂર્ણ થયા છે અથવા તેનાથી પણ વધુ સફળતા મળી છે, પરંતુ તેમણે એમ પણ કહ્યું કે ઈરાને ટૂંકા ગાળામાં હુમલાઓનો સામનો કરવાનું ચાલુ રાખવું પડશે. ટ્રમ્પે કહ્યું, આપણે આગામી બે થી ત્રણ અઠવાડિયામાં તેમના પર ખૂબ જ જોરદાર પ્રહાર કરવા જઈ રહ્યા છીએ. અમે તેમને ફરીથી પાષાણ યુગમાં લઈ જઈશું, જ્યાં તેમનું મૂળ સ્થાન હતું. જો કે, ૨૦ મિનિટથી ઓછા સમયના આ સંબોધનમાં ટ્રમ્પે એવી ઘણી બાબતોનું પુનરાવર્તન કર્યું હતું જે તેઓ તાજેતરના અઠવાડિયામાં

...અનુસંધાન પાના 13 પર

### ટ્રમ્પે યુદ્ધના અંતની કોઇ તારીખ ન જણાવી, પાયદળ ઉતારવાની પણ વાત ન કરી

**વોશિંગ્ટન.** અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે બુધવારે રાત્રે ઈરાન વિરુદ્ધના યુદ્ધ માટેના તેમના તર્કને સમજાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ આ સૈન્ય કાર્યવાહી ચલાવવા માટે અસાધારણ કારોબારી સત્તાઓ એકત્રિત કરી હોવા છતાં તેમણે બહુ ઓછી નવી વિગતો આપી હતી. આ યુદ્ધ ઝડપથી તેમની બીજી ટર્મનો મુખ્ય એજન્ડા બની રહ્યું છે અને આ ભાષણ પ્રમુખની શક્તિના પ્રદર્શનના

...અનુસંધાન પાના 13 પર

# આર્મેટિસ-2ના અવકાશયાત્રીઓ ચંદ્ર તરફ જવા રવાના થયા

**1968માં** ચંદ્ર પર ઉતરાણ કરનારા યાત્રીઓ જે લોન્ચ સાઇટ પરથી રવાના થયા હતા ત્યાંથી જ આ અવકાશયાત્રીઓએ પ્રસ્થાન કર્યું

**કેપ કેનાવેરલ (અમેરિકા), તા. 2 (AP):** ચાર અવકાશયાત્રીઓ બુધવારે ચંદ્રની આસપાસની એક અત્યંત મહત્વપૂર્ણ ઉડાન પર રવાના થયા હતા. અડધી સદીથી પણ વધુ સમયગાળામાં માનવજાતની આ પ્રથમ ચંદ્રયાત્રા છે અને આગામી બે વર્ષમાં ચંદ્ર પર ઉતરાણ કરવાના નાસાના પ્રયાસોમાં આ એક રોમાંચક શરૂઆત છે. ત્રણ અમેરિકન અને એક કેનેડિયન નાગરિકને લઈને ૩૨-માળની ઊંચાઈ ધરાવતું રોકેટ

...અનુસંધાન પાના 13 પર



### અવકાશયાત્રીઓ ચંદ્ર પર નહીં ઉતરે, તેની પરિક્રમા કરીને પરત ફરશે

અવકાશયાત્રીઓ તેમની ૧૦ દિવસની આ ટેસ્ટ ફ્લાઇટના પ્રથમ ૨૫ કલાક પૃથ્વીની ભ્રમણકક્ષામાં જ રહેશે, જ્યાં

...અનુસંધાન પાના 13 પર

# કેન્દ્રનો મોટો નિર્ણય : પેટ્રોકેમિકલ ઉત્પાદનો પર કસ્ટમ ડ્યુટી સંપૂર્ણ માફ

**દેશમાં** આવશ્યક પેટ્રોકેમિકલ કાચામાલની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા માટે લેવાયેલું રાહત પગલું

**પ્લાસ્ટિક,** પેકેજિંગ, કાપડ, ફાર્માસ્યુટિકલ્સ, રસાયણો, ઓટોમેટિવ કોમ્પોનન્ટ્સ ક્ષેત્રને ફાયદો

**30મી** જૂન સુધી આ કર મુક્તિ ચાલુ રહેશે, સરકારી તિજોરી પર રૂ. ૧૮૦૦ કરોડનો બોજ પડશે

**નવી દિલ્હી, તા. 2 (PTI):** સરકારે પશ્ચિમ એશિયાના વર્તમાન સંકટ વચ્ચે સપ્લાયની સ્થિરતા સુનિશ્ચિત કરવા અને ફાર્માસ્યુટિકલ્સ, કેમિકલ્સ તથા ટેક્સટાઈલ જેવા ક્ષેત્રોને રાહત આપવા માટે ગુરુવારે મહત્વના પેટ્રોકેમિકલ ઉત્પાદનોની આયાત પરની કસ્ટમ ડ્યુટીમાંથી 30 જૂન સુધીના ત્રણ મહિના માટે મુક્તિ આપી છે.

CBIC સભ્ય (ટેક્સ પોલિસી) સંજય મંગલે પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે, આ કામચલાઉ અને લક્ષિત રાહતથી સરકારી તિજોરી પર અંદાજે 1,800 કરોડનો બોજ પડશે, પરંતુ તેનાથી ભાવમાં સ્થિરતા, ઉત્પાદનમાં સાતત્ય અને સપ્લાય ચેઈન જાળવવામાં મદદ મળશે.

...અનુસંધાન પાના 13 પર

### આ ઉત્પાદનોને મુક્તિ આપવામાં આવશે

મુક્તિ આપવામાં આવેલા મુખ્ય પેટ્રોકેમિકલ ઉત્પાદનોમાં એન્હાઇડ્રસ એમોનિયા, ટોલ્યુએન, સ્ટાયરીન, ડાયક્લોરોમેથેન, વિનાઇલ ક્લોરાઇડ મોનોમર, મિથેનોલ, આઇસોપ્રોપીલ આલ્કોહોલ, મોનો ઇથિલિન ગ્લાયકોલ

...અનુસંધાન પાના 13 પર

# હોર્મુઝ ખોલવાના પ્રયાસોમાં 35 દેશો સાથે ભારત જોડાશે

**યુકે દ્વારા** આ સહિયારા પ્રયાસમાં જોડાવા માટે અપાયેલું આમંત્રણ ભારતે સ્વીકારી લીધું

**આ દેશોની** પ્રથમ વર્ચ્યુઅલ બેઠકમાં વિદેશ સચિવ વિક્રમ મિસરી ભાગ લેશે

**નવી દિલ્હી, તા. 2 :** વિદેશ મંત્રાલયે આજે જણાવ્યું હતું કે, ભારતને યુકે દ્વારા 35 દેશોની બેઠકમાં જોડાવા માટે આમંત્રણ આપવામાં આવ્યું છે, જેનો ઉદ્દેશ્ય અત્યંત મહત્વપૂર્ણ ગણાતી 'હોર્મુઝની સામુદ્રધુની' ફરીથી ખોલવાના માર્ગો શોધવાનો છે. આ જળમાર્ગ બંધ થવાને કારણે વૈશ્વિક સ્તરે તેલના ભાવમાં ભારે ઉછાળો આવ્યો છે.

વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે, યુકે સમય પ્રમાણે ગુરુવારે યોજાનારી આ બેઠકમાં વિદેશ સચિવ વિક્રમ મિસરી વર્ચ્યુઅલ માધ્યમથી હાજરી આપશે. જયસ્વાલે કહ્યું કે, યુકે(બ્રિટન) એ હોર્મુઝની સામુદ્રધુની પર ચર્ચા માટે ભારત સહિત અનેક દેશોને આમંત્રિત કર્યા છે. અમારા વિદેશ સચિવ આજે સાંજે આ બેઠકમાં ભાગ લઈ રહ્યા છે. અમે ઈરાન અને અન્ય દેશો સાથે સતત સંપર્કમાં છીએ જેથી LPG, LNG અને અન્ય સામગ્રી લઈ જતા અમારા જહાજોને અવરોધ રહિત અને સુરક્ષિત માર્ગ મળી રહે. છેલ્લા કેટલાક દિવસોની વાતચીતને

...અનુસંધાન પાના 13 પર

તા. ૦૨-૦૪-૨૦૨૬નું સુરત શહેરનું

### હવામાન

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
| --- | --- | --- |
| ૩૪.૬° સે. | ૨૫.૫° સે. | ૫૧% |